# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

**************************************************

**1)** કેન્દ્રીય ગૃહમત્રી અમિત શાહે ગુજરાતમાં વિવિધ 144 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યું.

**2)** કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં મુખ્ય કઠોળ અને તેલીબિયાંની ખરીદીને મંજૂરી આપી

**3)** ભારત અને મોરોક્કના સરક્ષણ મંત્રીએ મોરક્કોમાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું

**4)** મહારાષ્ટ્ર અને કલકત્તામાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ ..જ્યારે ઓડિશા અને છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

**5)** અમેરિકાના રાષ્ટ્રપતિ યુક્રેનના સમર્થનમાં– રશિયાને કાગળનો વાઘ ગણાવ્યો.

**6)** એશિયા કપ ટી-20 ક્રિકેટમાં આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમત્રી અમિત શાહે ગુજરાતમાં વિવિધ 144 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "સ્વદેશી" અપનાવવાના આગ્રહને બુલંદ બનાવવા શ્રી શાહે અપીલ કરી હતી.

શ્રી શાહે કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર પ્રેરિત ભૂખ્યાને ભોજનના ઉમદા હેતુસર "પ્રસાદમ" રથનો શુભારંભ અને જ્યોતેશ્વર તળાવનું લોકાર્પણ અને નિરીક્ષણ કર્યા હતા.

3 હજાર 449 લાખના ખર્ચે અમૃત 2.0 યોજના હેઠળ એક હજાર 123 લાખ ના ખર્ચે જ્યોતેશ્વર તળાવનું નવીનીકરણ, રૂપિયા 100 લાખના ખર્ચે પંડિત દિનદયાલ અંત્યોદય યોજના અંતર્ગત આશ્રય સ્થાન, 273 લાખના ખર્ચે મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ 13 બોરવેલ ઉપરાંત 282 લાખના ખર્ચે સફાઈ સાધનો ખરીદવાનું લોકાર્પણ તેમજ સ્વરણિમ જયંતિ મુખ્યમંત્રી વિકાસ યોજના તથા ઓડા ગ્રાન્ટમાંથી કલોલ શહેરમાં સીસી અને ડામર રોડ, પેવર બ્લોક, સ્ટ્રીટ લાઇટ, પાણી તથા ગટર લાઈનના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કેસરિયા ગરબામાં હાજરી આપી હતી. સહાય ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ ગરબામાં શ્રી અમિત શાહે પરિવાર સાથે હાજરી આપી હતી.

## SHIVRAJ SINGH

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં મુખ્ય કઠોળ અને તેલીબિયાંની ખરીદીને મંજૂરી આપી છે.

શ્રી ચૌહાણે ભાર મૂક્યો હતો કે સમગ્ર ખરીદી પ્રક્રિયા પારદર્શક, ડિજિટલ અને ખેડૂત-કેન્દ્રિત હોવી જોઈએ. મંત્રીએ બંને રાજ્યોના ખેડૂતો પાસેથી અડદ અને તુવેરની સંપૂર્ણ ખરીદીને મંજૂરી આપી, સાથે જ મગ, તલ, મગફળી અને સોયાબીનની ખરીદી પણ કરી, જેની કુલ કિંમત અંદાજે 13 હજાર 800 કરોડ રૂપિયા છે.

કૃષિ મંત્રાલયના જણાવ્યા અનુસાર, સમગ્ર ખરીદી પ્રક્રિયા ઈ-સમૃદ્ધિ અને ઈ-સંયુક્તિ પોર્ટલ દ્વારા ડિજિટલ રીતે હાથ ધરવામાં આવશે, જેનાથી ખેડૂતોના બેંક ખાતામાં સીધી ચુકવણી થઈ શકશે.

## TASL

ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને તેમના મોરોક્કન સમકક્ષ અબ્દેલતિફ લૌડીએ મોરોક્કોના બેરેચિડમાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (TASL)ના સંરક્ષણ ઉત્પાદન પ્લાન્ટનું સંયુક્ત રીતે ઉદ્ઘાટન કર્યું.

ભારત અને મોરોક્કો વચ્ચે વિકસતી વ્યૂહાત્મક ભાગીદારીમાં ઉદ્ઘાટનને એક ઐતિહાસિક ક્ષણ ગણાવતા, શ્રી સિંહે જણાવ્યું કે આ સુવિધા TASL અને સંરક્ષણ

સંશોધન અને વિકાસ સંગઠન દ્વારા સંયુક્ત રીતે ડિઝાઇન કરાયેલ સ્વદેશી રીતે વિકસિત વ્હીલ્ડ આર્મર્ડ પ્લેટફોર્મનું ઉત્પાદન કરશે.

આ અંગે વધુ માહિતી આપે છે અમારા સંવાદદાતા.....

(BYTE: રાજનાથ સિંહ)

આ મોરોક્કો રાજ્યની સૌથી મોટી સંરક્ષણ ઉત્પાદન પ્લાન્ટએ ભારતીય ખાનગી કંપની દ્વારા સંચાલિત પ્રથમ પ્લાન્ટ છે.

## GST

આગામી પેઢીના GST સુધારા દેશની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. ગત 22 સપ્ટેમ્બરથી લાગુ કરાયેલા નવા GST સુધારાઓનો લાભ મધ્યમ વર્ગને મળશે.

વિવિધ પ્રકારની વસ્તુ અને સેવાઓ પર કર દર ઘટાડો નાગરિકોના જીવનમાં સરળતા લાવશે.

સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ – DRISHTI GST)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## WEATHER

**ભારતીય હવામાન વિભાગ (IMD)એ આજે ઓડિશા અને છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.**

**આજે ઉત્તરપૂર્વ ભારતમાં આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બિહાર, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, પૂર્વ મધ્યપ્રદેશ, ગંગા પશ્ચિમ બંગાળ, ઝારખંડ, તેલંગાણા અને વિદર્ભમાં પણ આવી જ સ્થિતિ રહેવાની ધારણા છે. હવામાન વિભાગે આંદામાન અને નિકોબાર ટાપુઓ, રાયલસીમા, પૂર્વ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે.**

દેશના અમુક રાજયમાં વરસાદે તારાજી કરી છે જેમાં સૌથી વધુ કલકત્તામાં 13 ઇંચ વરસાદ ખાબકતા જનજીવન ખોરવાયું અને વરસાદના કારણે 10 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

હવામાન વિભાગે વધુ વરસાદની આગાહી કરી છે. જેને પગલે સાવચેતીના ભાગ રૂપે આજે ઘણી એક્સપ્રેસ અને મેલ ટ્રેનો રદ કરવામાં આવી છે. સ્થાનિક ટ્રેન સેવાને પણ અસર થઈ છે.કલકત્તામાં મેટ્રો સેવા પણ બંધ કરાઇ છે

કલકત્તાના દક્ષિણ ભાગમાં ગત રાત્રે થયેલા ધોધમાર વરસાદના પગલે જનજીવન પર માઠી અસર થઈ છે. સ્થાનિક હવામાન વિભાગે આકાશવાણીને માહિતી આપી હતી કે કોલકાતામાં 1978 પછી રેકોર્ડ વરસાદ નોંધાયો છે. આગામી કલાકોમાં વધુ વરસાદની આગાહી છે તેથી તમામ CBSE અને ICSE શાળાને બંધ રાખવા જણાવાયું છે.

મહારાષ્ટ્રમાં, છેલ્લા ત્રણ દિવસથી સતત ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ વચ્ચે NDRFએ પરંડા તાલુકાના કપિલાપુરીમાં એક બાળક સહિત એક પરિવારના નવ સભ્યોને બચાવ્યા છે.

મરાઠવાડાના ઘણા ભાગોમાં, ખાસ કરીને લાતુર, ધારાશિવ અને હિંગોલી જિલ્લામાં ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. વૈજાપુરના પંચશીલ નગરમાં વરસાદી પાણી અનેક ઘરોમાં ઘૂસી ગયું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી ચાલુ છે.

## DONALD TRUMP

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે યુક્રેન નાટો અને અમેરિકન લશ્કરી સમર્થનથી રશિયા પાસેથી તેનો બધો પ્રદેશ પાછો મેળવી શકે છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમની સોશિયલ મીડિયા પોસ્ટ પર કહ્યું કે કિવ હવે એટલો સક્ષમ છે કે યુક્રેન પોતાનો પ્રદેશ પાછા જીતી શકે છે. ટ્રમ્પના વલણમાં ફેરફાર યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથેની દ્વિપક્ષીય બેઠક પછી આવ્યો છે, જેમણે તેને એક મોટા પરિવર્તન તરીકે આવકાર્યું.

આ નિવેદનથી સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં એકઠા થયેલા ઘણા યુરોપિયન નેતાઓ અને રાજદ્વારીઓ તેના અર્થ અંગે મૂંઝવણમાં મુકાયા હતા.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે, તેમના મંતવ્યો બદલાયા છે કારણ કે તેઓ લશ્કરી અને આર્થિક પરિસ્થિતિને સંપૂર્ણપણે સમજવા લાગ્યા હતા, અને તેમણે રશિયાને વિશાળ આર્થિક સમસ્યાઓ ધરાવતો કાગળનો વાઘ ગણાવ્યો. તેમણે યુદ્ધના મેદાનમાં તેના નાના પાડોશીને હરાવવામાં અસમર્થતા બદલ રશિયાની પણ ટીકા કરી.

## ASIA CUP

એશિયા કપ ટી-20 ક્રિકેટમાં આજે ભારત દુબઈ ક્રિકેટ સ્ટેડિયમમાં બાંગ્લાદેશ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8:00 વાગ્યે શરૂ થશે.

ગઇકાલે પાકિસ્તાને UAEના અબુ ધાબીના શેખ ઝાયેદ સ્ટેડિયમ ખાતે રમાયેલી સુપર ફોર મેચમાં શ્રીલંકાને 5 વિકેટથી હરાવ્યું.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોએ અલગ- અલગ સમાચારોને પહેલા પાને લીધા છે. જેમાં ગુજરાત સમચારમાં કોલકાતા-મરાઠવાડામાં આભ ફાટ્યું, **18**ના મોત, અનેક લોકો લાપતા તો સંદેશમાં કોલકાતામાં **13** ઇંચ વરસાદ ખબક્યો, **10** ના મોતના સમાચાર પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કરે પ્રથમ ડિજિટલ સેન્સસના મુદ્દે લખ્યું છે કે, ગણતરી શરૂ, ગુજરાતના ત્રણ વિસ્તારમાં ઓક્ટોબરથી રાષ્ટ્રીય વસ્તી ગણતરીની ટ્રાયલ શરૂ થશે.
- નવ ગુજરાત સમયે લખ્યું છે કે, ભારત-ચીન યુક્રેન યુધ્ધના મુખ્ય ફાઇનેન્સર્સ: ટ્રમ્પ
- તો ફૂલછાબે લખ્યું છે કે, રૂપિયો રાંક: **47** પૈસાના કડક સાથે **88.75** ની સર્વકાલીન નીચી સપાટીએના સમાચાર પહેલા પાને છાપ્યા છે.